# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

## ○ શ્રીસંઘના વિશિષ્ટ વ્યક્તિઓનું વર્ષે એકવાર બહુમાન ○

○ લેખક ○

**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

# શ્રી સંઘના વિશિષ્ટ વ્યક્તિઓનું વર્ષે એકવાર બહુમાન

જૈનસંઘમાં ઘણા વ્યક્તિઓ પોતાનું યોગદાન આપે છે. તેથી સંઘના કાર્યો ઘણા બધા સરળતાથી ચાલે છે. જે યુવાનો અને પ્રૌઢો સેવા કરે છે તે અદ્વિતીય અને અજોડ હોય છે. તેની પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. ભાઇઓ અને બહેનો બન્ને પોતપોતાના ક્ષેત્રમાં સેવા આપી રહ્યા છે. ત્યારે વર્ષે એકવાર અથવા દેરાસરની વર્ષગાંઠ નિમિત્તે સકળ સંઘની સાક્ષીએ બધાની વચ્ચે શક્ય હોય તો સંગીતના સથવારે કાર્યક્રમ ગોઠવી શકાય. જ્યારે ટ્રસ્ટી મંડળ નક્કી કરે તે દિવસે આ પ્રોગ્રામની જાહેરાત થાય. તે વ્યક્તિઓના નામ નક્કી થાય. તેઓને જાણ પણ કરાય જેથી તેઓ બીજા કાર્યક્રમ ગોઠવે નહિ. સંઘના સભ્યોમાં પણ ઉત્સાહનું વાતાવરણ હોય કારણ સારા વ્યક્તિઓનું બહુમાન થવાથી બીજા સારા વ્યક્તિઓ વધે છે. જે વ્યક્તિઓનું બહુમાન થાય તેના ઘરમાં હવે વધુ કદર-આદર થાય છે. ઘરના વ્યક્તિઓ પણ તેને નવી નવી પ્રવૃત્તિઓ કરવામાં હવે મદદરૂપ થાય છે. નીચેના મુદ્દાઓ માટેના કાર્યકરોનું બહુમાન ગોઠવી શકાય.

**૧. દેરાસરોના ગભારા વિભાગનું કાર્ય કરનારની ટીમ :** સ્નાત્ર પૂજા ભણાવનારનું ગ્રુપ, ભક્તામર ગ્રુપ, અષ્ટપ્રકારી પૂજા કરનારનું ગ્રુપ, ભાવના ગ્રુપ, આરતી ગ્રુપ, વગેરે વગેરે સંભાળનાર ગ્રુપોનું બહુમાન કરી શકાય અથવા જે તે ગ્રુપના મુખ્યનું બહુમાન કરવું જોઇએ.

**૨. આરાધકોનું ગ્રુપ :** જેમાં રોજ ઉપાશ્રયમાં આવી સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, વ્યાખ્યાન શ્રવણાદિ કરનાર વ્યક્તિઓ ઉપાશ્રયને ભરેલો રાખે છે.

**૩. આયંબિલશાળા ગ્રુપ :** તપસ્વીઓનું ગ્રુપ જેમ કે પાયો નાંખનાર, નવપદની ઓળી કરનાર, આયંબિલના તપસ્વીઓની ભક્તિ કરનારનું ગ્રુપ, આયંબિલ શાળાના સંભાળનાર કાર્યકર્તાનું ગ્રુપ, અન્ય આ વર્ષના અટ્ઠાઇ, તેના ઉપરના સિદ્ધિતપ, ધર્મચક્રતપ, શ્રેણિતપ વગેરે તપસ્વીનું બહુમાન.

**૪. જ્ઞાની ગ્રુપ :** પાંચ પ્રતિક્રમણ, બે પ્રતિક્રમણાદિ અભ્યાસનું ગ્રુપ, પર્યુષણ કરાવવા જનાર, ધાર્મિક શિક્ષક-શિક્ષિકાનું ગ્રુપ.

**૫. ચારિત્ર ગ્રુપ :** રોજના ઉપાશ્રયમાં સામાયિક-પ્રતિક્રમણ કરનાર, પૌષધ મંડળના સભ્યો, ઘરમાંથી દીક્ષા થઇ હોય તેવા માતા-પિતા.

**૬. જ્ઞાનભંડાર :** વૈયાવચ્ચ કરનારની ટીમ કેટલું સુંદર કાર્ય સંઘમાં કરે છે.

**૭. જૈન બેન્ડના સભ્યો અથવા વિહાર ગ્રુપના ભાઈઓ :** બહેનો જેઓ સવારના વહેલા વિહારાદિમાં જાય છે. તથા યુવક મંડળ, મહિલા મંડળ, સામાયિક મંડળ, જયણા મંડળ આવા અનેક કાર્યોને કરનારા વ્યક્તિઓનું ખાસ બહુમાન ગોઠવી શકાય. જો વર્ષે એકવાર થનાર આ બહુમાન સમારંભમાં કોના હાથે બહુમાન કરવું ? તેની ઉછામણી બોલવી, ચાંદલો કરવો, માળા પહેરાવવી અને ઉચિત કવર આપવું, આમ ત્રણ ઉછામણી બોલાવવાથી લગભગ જે પણ budget આ function નું થાય તે લગભગ પુરું થઇ શકે સંઘમાં ઉત્સાહનું વાતાવરણ પેદા થાય.